## વડીલોને વંદન અભિનંદન



જયેન્દ્ર એન. પરીખ
(૧૯૩૫) મો.૯૪૦૯૫૩૩૩૧૩

# સેન્ટ ઝેવિયર્સ કોલેજના ૫૦ વિદ્યાર્થીઓને ફુડ પોઈઝનિંગ

## બધા વિદ્યાર્થીને ગંભીર સ્થિતિમાં સારવાર અર્થે ખસેડાયા

અમદાવાદ, તા.૧૩

અમદાવાદનાં નવરંગપુરા વિસ્તારમાં આવેલી જાણીતી સેન્ટ ઝેવીયર્સ કોલેજમાં ૫૦થી વધુ વિદ્યાર્થીઓને ફુડ પોઈઝનીંગની અસર થઈ હોવાની ઘટના સામે આવતા ચકચાર મચી જવા પામ્યા છે. બનાવને લઈને આસપાસના વિસ્તારમાં પણ ચર્ચા જોવા મળી હતી. ફુડ પોઈઝિંગના આ બનાવથી મેનેજમેન્ટમાં પણ ભારે સનસનાટી મચી ગઈ હતી.

જે પૈકી ૩૦ વિદ્યાર્થીઓની હાલત ગંભીર હોવાથી તેમને સારવાર અર્થે શહેરની લાઈફ કેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. જો કે આ તમામ વિદ્યાર્થીઓની તબિયત સુધારા ઉપર હોવાનું જાણવા મળ્યું છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ અમદાવાદની પ્રખ્યાત સેન્ટ ઝેવિવર્સ કોલેજમાં આજે અચાનક ૫૦ થી વધુ વિદ્યાર્થીઓને ઝાડા-ઉલ્ટીની ફરીયાદો સામ આવી હતી.

સુત્રોનાં જણાવ્યા મુજબ કોલેજમાં બપોર દરમિયાનના ભોજન બાદ અચાનક ૫૦થી વધુ વિદ્યાર્થીઓને ઝાડા-ઉલ્ટીની ફરીયાદો સામે આવવા લાગી હતી. જે પૈકી ૩૦થી વધુ વિદ્યાર્થીઓની સ્થિતી વધુ ખરાબ હોવાનું જાણવા મળવા તેમને તત્કાલીન સારવાર અર્થે શહેરની લાઈફ કેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં વિદ્યાર્થીઓને પ્રાથમિક સારવાર આપ્યા બાદ તમામને રજા આપી દેવાઈ હોવાનું જાણવા મળ્યું છે. જો કે કોલેજ પ્રસાસન દ્વારા આ સમગ્ર મામલો દબાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. જેના કારણે બનાવ અંગે કોઈ માહીતી બહાર ન આવે તેની પુરતી તકેદારી રાખવામાં આવી હતી. તેમજ હોસ્પિટલ પ્રસાસન દ્વારા પણ કોઈપણ પ્રકારનીમ માહિતી લીક ન થાય તેની તકેદારી રાખવામાં આવી હતી.

# વરસાદની નહીવત આશા વચ્ચે વધતી ગરમી

## આગામી એક અઠવાડિયા સુધી પશ્ચિમ ભારતમાં વરસાદની કોઈ સીસ્ટમ નથી

ગાંધીનગર, તા. ૧૩

માત્ર એક વખત ચારેક ઈંચ જેટલો વરસાદ પાડ્યા બાદ ગાયબ થઈ ગયેલા મેઘરાજા આગામી એક અઠવાડિયા સુધી પુનઃ દેખાય તેવી કોઈ શક્યતા નથી. હવામાન વિભાગે આગાહી કરી છે કે પશ્ચિમ ભારતમાં એકાદ અઠવાડિયામાં વરસાદ પડે તેવી કોઈ સિસ્ટમ હાલમાં ડેવલપ થયેલી નથી.

છેલ્લા ઘણા દિવસોથી ભારે ગરમી અને બફારાનો સામનો કરી રહેલા પાટનગરવાસીઓ માટે હાલમાં રાહતના કોઈ સમાચાર નથી. ઉનાળામાં પડતી હોય તેવી આકરી ગરમી હાલમાં પડી રહી છે. જૂન મહિનામાં પડેલા વરસાદ બાદ છેલ્લા ઘણા દિવસોથી ગુજરાતમાં ક્યાંય સારો કહી શકાય તેવો વરસાદ પડ્યો નથી. વરસાદ વહેલો પડતા ઘણા ખેડૂતોએ કરીફ પાકનું વાવેતર કરી દીધુ હતુ. પરંતુ વરસાદના અભાવે પાક સુકાવા લાગ્યો છે. અને ખેડૂતોને બીયારણ માથે પડે તેવી સ્થિતિ છે. ગયા અઠવાડિયે વરસાદી વાતાવરણ બંધાયું હતુ. પરંતુ સૌરાષ્ટ્રમાં એકાદ-બે સ્થળે ઝરમર વરસાદ સિવાય ક્યાંય વરસાદ નોંધાયો ન હતો. હાલમાં દિલ્હી સહિત ઉત્તરભારતના ઘણા વિસ્તારોમાં ભારે વરસાદ પડી રહ્યો છે. પરંતુ ત્યાં સ્થિર થયેલી સિસ્ટમ ગુજરાત સુધી આવે તેવી કોઈ શક્યતા નથી. દરમ્યાનમાં હવામાન વિભાગે નિરાશાજનક આગાહી કરી છે કે આગામી એક અઠવાડિયા સુધી ગુજરાતમાં વરસાદ લાવી શકે તેવી કોઈ સિસ્ટમ હાલમાં કાર્યરત નથી. નવી કોઈ સિસ્ટમ ઉત્પન્ન થાય તો જ હવે વરસાદની કોઈ શક્યતા છે. વરસાદના અભાવે શહેરમાં ભારે ગરમી પડી રહી છે. આજે મહત્તમ તાપમાન ૩૭.૦ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૨૯.૪ ડિ.સે. નોંધાયું હતું. જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૭૧ ટકા અને સાંજે ૪૫ ટકા નોંધાયું હતું.

## વિસ્મયને વધુ સજા અપાવવા હાઈકોર્ટમાં માંગ કરવા તૈયારી

અમદાવાદ,તા.૧૩

વિસ્મય મામલામાં આજે કોર્ટે ચુકાદો આપી દીધો હતો. આ ચુકાદાથી નાખુશ દેખાયેલા શિવમ અને રાહુલના પિતા ભાંગી પડ્યા હતા. ચુકાદાથી નાખુશ દેખાયેલા તેઓએ વધુ કઠોર સજા માટે હાઈકોર્ટમાં આ ચુકાદાને પડકાર ફેંકવાનો નિર્ણય કર્યો હતો. કોર્ટની બહાર પત્રકારો સાથે વાતચીત કરતા રાહુલના પિતા ઘનશ્યામ પટેલે કહ્યું હતું કે, સજાથી અમે સંતુષ્ટ નથી. અમે આગામી દિવસોમાં હાઈકોર્ટમાં અપીલ કરીશું. વિસ્મયને મહત્તમ સજા મળે તેવી અમારી માંગ છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, અપરાધીને મહત્તમ સજા મળી શકે તે માટે અમે સુપ્રીમ કોર્ટ સુધી લડવા માટે તૈયાર છીએ. આ કેસને એવા લોકો માટે દાખલા તરીકે ગણવામાં આવે છે જે લોકો માર્ગો ઉપર આડેધડ ડ્રાઈવિંગથી લોકોને મોતને ઘાટ ઉતારી દે છે.

# મોડાસા બસ સ્ટેન્ડ પાસે દુકાનમાં આગ ભભૂકી ઉઠતા દોડધામ

મોડાસા, તા.૧૩

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરના મુખ્યમાર્ગ પર આવેલી શ્રી રામ ઈલેક્ટ્રીકલ્સ નામની દુકાનમાં રવિવારે મધ્યરાત્રિએ શોર્ટ સર્કીટના લીધે આગ ભભૂકી ઉઠી હતી જેમાં દુકાનમાં રહેલો તમામ ઈલેક્ટ્રીકલ માલ સામાન અને રાચરચીલું તેમજ વિજ ઉપકરણો બળીને ખાખ થઈ ગયા હતા. નગરપાલિકાના ફાયર ફાયટરે તાબડતોબ ઘટનાસ્થળે પહોંચીને પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લીધી હતી. જેથી લોકોના ટોળે ટોળા ઘટના સ્થળે ઉમટી પડયા હતા.

મોડાસા-શામળાજી મુખ્ય માર્ગ પર બસ સ્ટેન્ડની નજીક આવેલી શ્રી રામ ઈલેક્ટ્રીકલ્સ નામની દુકાનમાં રવિવારે રાત્રે ૨.૩૦ વાગ્યાની આસપાસ શોર્ટ સર્કીટના કારણે આગ ભભૂકી ઉઠતાં દુકાનમાં રહેલ ઈલેક્ટ્રીક




માલસામાન, પંખા, ટયુબલાઈટ, ફર્નીચર સહિતનો માલસામાન બળીને ખાખ થઈ ગયો હતો. આ ઘટનાની જાણ પોલિસ જવાનોએ દુકાન માલિક મનિષભાઈ અને કમલેશભાઈ પટેલને કરતાં તેઓ તાત્કાલીક ઘટના સ્થળે આવી પહોંચ્યા હતા અને નગરપાલિકાના ફાયર ફાઈટરને જાણ કરતાં તાબડતોબ ફાયરબ્રિગેડ જવાનોએ ઘટના સ્થળે પહોંચીને સતત ૧ કલાકથી વધુ પાણીનો મારો ચલાવીને આગ પર કાબુ મેળવ્યો હતો. જો આ ભીષણ આગ કાબુમાં ન આવી હોત તો મુખ્ય બજારમાં આજુબાજુની દુકાનો પણ આગની લપેટમાં આવી જવાની શકયતાઓ હતી. આગના લબકારા અને ધૂમાડાના ગોટે ગોટા નીકળતા ઘટના સ્થળે લોકોના ટોળે ટોળા ઉમટી પડયા હતા.

દુકાનમાલિકના જણાવ્યા અનુસાર દુકાનમાં રાખેલો ઈલેક્ટ્રીકલ સામાન અને ફર્નીચર મળી ૨ લાખથી વધુ નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે. વિજતંત્રની હાઈવોલ્ટેજની બેદરકારીને લીધે દુકાનમાં શોર્ટ સર્કીટ થતાં ભોગવવાનો વારો આવ્યો હતો.

## ચોટીલ દૂધમંડળીના નવીન 'દૂધઘર' અને 'બલ્ક યુનિટ'નો પ્રારંભ

પાલનપુર, તા. ૧૩

બનાસડેરી સંલગ્ન વાવ તાલુકાની ધી ચોટીલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી.ના નવીન



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

'દૂધઘર'નું ઉદ્‌ઘાટન બનાસડેરીના ચેરમેન પરથીભાઈ ભટોળના વરદ્‌હસ્તે તથા નવીન 'બલ્કયુનિટ'નું ઉદ્‌ઘાટન પૂર્વ ધારાસભ્યશ્રી માવજીભાઈ પટેલના વરદ્‌હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સર્વપ્રથમ ચોટીલ દૂધમંડળીના ચેરમેને સ્વાગત કરી મહેમાનોનું ફૂલહાર અને શાલથી સ્વાગત કર્યું હતું.

સમારોહના અધ્યક્ષ અને ઉદ્‌ઘાટક બનાસડેરીના ચેરમેન પરથીભાઈ ભટોળે મંડળીના ચેરમેન તેમજ મંત્રી અને કમીટી સભ્યોને મંડળીનું અદ્યતન દૂધઘર બનાવવા બદલ સર્વપ્રથમ અભિનંદન પાઠવ્યા હતા. આ વિસ્તારમાં નર્મદા નહેર આવવાથી ખેડૂતો ખેતી કરતા થયા છે તેની સાથે પશુપાલનમાં પણ નોંધપાત્ર વધારો થયો છે, ગત તા. ૬-૨-૧૫ના રોજ દૈનિક ૪૧.૭૧ લાખ લીટર દૂધ સંપાદન કરી સમગ્ર એશિયા ખંડમાં પ્રથમ સ્થાન જાળવી રાખ્યું છે અને આવનાર બે વર્ષોમાં દૈનિક ૫૧ લાખ લીટર દૂધ સંપાદન થશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. વધુમાં દૂધમાં વધારો થવા છતાં એક દિવસ પણ દૂધ બંધ નથી રાખવું પડતુ ઉલટાનું દૂધના ભાવો સતત ભાવ વધારે આપવામાં આવે છે જ્યારે અન્ય ધંધાઓમાં આવક સ્થિર નથી. ચાલુ સાલે આપણે દૂધ ઉત્પાદકનો ભાવવધારા સાથે વર્ષ આખરનો સરેરાશ ભાવ રૂ. ૬૮૨ પ્રમાણે ચુકવાશે અને ભાવવધારો સંઘ અને મંડળીના થઈ રૂ. ૯૦૦ કરોજ જેટલો ચુકવાશે જે આજ સુધીના ઈતિહાસમાં વિક્મી છે.

આ પ્રસંગે માજી ધારાસભ્ય માવજીભાઈ પટેલે જણાવેલ કે બનાસડેરીનો વહીવટ ખુબજ પ્રામાણિકતા અને ખંતથી થઈ રહ્યો છે અને સ્વ. ગલબાભાઈ પટેલનું સ્વપ્ન આજે વર્તમાન ચેરમેનશ્રી પરથીભાઈ ભટોળ પરિપૂર્ણ કરી રહ્યા છે જે બદલ અભિનંદન પાઠવ્યા હતા.

# હિટ એન્ડ રન કેસમાં વિસ્મયને પાંચ વર્ષની સજા

## મૃતક બંને યુવાનોના પરિવારને પાંચ પાંચ લાખ રૂપિયા ચુકવવા માટેનો પણ આદેશ : વિસ્મયને ૨૫૦૦૦ રૂપિયાનો દંડ ફટકારાયો : કોર્ટમાં સોપો પડ્યો

અમદાવાદ,તા.૧૩

વર્ષ ૨૦૧૩ના સનસનાટીપૂર્ણ બીએમડબલ્યુ હિટ એન્ડ રન કેસમાં વિસ્મય શાહને આજે પાંચ વર્ષની આકરી જેલની સજા ફટકારવામાં આવી હતી. વિસ્મય શાહના ભાવિનો ફેંસલો થયા બાદ કોર્ટમાં સોંપો પડી ગયો હતો. અઢી વર્ષ જુના આ કેસમાં આજે મિરઝાપુરની કોર્ટે ૨૦૦ પાનામાં ચુકાદો જાહેર કર્યો હતો. પાંચ વર્ષની જેલની સજાની સાથે સાથે ૨૫૦૦૦ હજાર રૂપિયાનો દંડ પણ કરવામાં આવ્યો હતો અને જો દંડની રકમ ભરવામાં ન આવે તો વધુ છ મહિનાની સજા કરવાનો આદેશ કર્યો હતો. ઉપરાંત મૃતકના પરિવારને પાંચ લાખ રૂપિયા ચુકવવાનો પણ આદેશ કર્યો હતો. આ કેસમાં કોર્ટે બે સાક્ષીઓ લલિત ગુપ્તા અને દિનેશ ચૌધરીને પણ નોટિસ ફટકારી દીધી છે. આ બંને કોર્ટમાં નિવેદન આપીને ફરી ગયા હતા. આરોપી વિસ્મય શાહ દોષિત જાહેર થતાં પરિવારના સભ્યો રડી પડ્યા હતા. જ્યારે ભોગ બનેલાના લોકોએ કહ્યું હતું કે, આખરે ન્યાય મળ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૩મી ફેબ્રુઆરી ૨૦૧૩ના દિવસે પ્રેમચંદનગર રોડ ઉપર આ બનાવ બન્યો હતો. બીએમડબલ્યુ કારે રાહુલ પટેલ અને શિવમ દવેને અડફેટે લઈ લીધા હતા. ખુબ જ વ્યવસ્ત રહેલા પ્રેમચંદનગર પાસે આ બનાવ બન્યો હતો. બાઈક ઉપર જઇ



રહેલા શિવમ દવે અને રાહુલ પટેલની કાર ચાલકે અડફેટે લઈ લીધા હતા જેમાં શિવમનું ઘટનાસ્થળે જ મોત થયું હતું જયારે રાહુલનું સારવાર દરમિયાન મોત થયું હતું. ૨૮ વર્ષીય શાહ ૧૧૦ કિલોમીટર પ્રતિકલાકની ઝડપે ગાડી ચલાવી રહ્યો હોવાની વિગતો ખુલી હતી. શિવમ દવે એન્જિનિયરિંગનો વિદ્યાર્થી હતો જ્યારે તેનો મિત્ર રાહુલ પટેલ ૨૧ વર્ષનો હતો. શિવમ અને રાહુલના પિતા કોર્ટમાં ઉપસ્થિત રહ્યા હતા. ચુકાદા બાદ ભાંગી પડ્યા હતા.

બીજી બાજુ સજાના પ્રમાણથી નાખુશ દેખાઈ રહેલા તેઓએ હાઈકોર્ટમાં આ ચુકાદાને પડકાર ફેંકીને વધુ કઠોર સજા અપાવવાની વાત કરી હતી. એડિશનલ સેશન જજ પીએમ પટેલ દ્વારા આ ચુકાદો આજે આપવામાં આવ્યો હતો. ૨૫મી ફેબ્રુઆરી ૨૦૧૩ના દિવસે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી જયારે ૨૬મી ફેબ્રુઆરી ૨૦૧૩ના દિવસે વિસ્મય શાહની ધરપકડ કરવામાં આવી હતી તે કોર્ટમાં અંગતરીતે હાજર થઈ ગયો હતો.

અગાઉ સંપૂર્ણપણે લખાયો નહીં હોવાની વાત કરીને નવમી જુલાઈના દિવસે ચુકાદો અનામત રાખવામાં આવ્યો હતો. કેસની ટ્રાયલ પૂર્ણ થયા બાદ ગ્રામ્ય કોર્ટે ૨૯મી જુન બાદ પોતાનો ચુકાદો ૯મી જુલાઈ નિયત કર્યો હતો. તે સમયે પણ ચુકાદો લખાયો ન હોવાનું જણાવાયું હતું. ઉલ્લેખનીય છે કે, હિટ એન્ડ રનમાં વિસ્મય શાહ સામેનો કેસ પુરવાર કરવા સરકારી પક્ષે ૩૩ સાક્ષી કોર્ટ સમક્ષ તપાસ્યા હતા. કોર્ટે આઈપીસીની કલમ ૩૦૪(૨), કલમ ૪૨૭ અને મોટર વ્હીકલ એક્ટની જુદી જુદી કલમો હેઠળ શાહને દોષિત ઠેરવવામાં આવ્યો હતો.

## શબ્દાવલી - ૫૭૮૭

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ૪ | ૫ | |
| ૬ | | ■ | ૭ | | | | ■ |
| ૮ | | ■ | | ■ | ■ | ૯ | ૧૦ |
| ■ | | ■ | ૧૧ | ૧૨ | ■ | ૧૩ | |
| ૧૪ | ■ | ૧૫ | | | ■ | ■ | |
| ૧૬ | ૧૭ | | ■ | ૧૮ | ૧૯ | ૨૦ | |
| ૨૧ | | | ■ | ■ | ૨૨ | | ■ |
| ■ | ૨૩ | | | | ■ | ૨૪ | |

### આડી ચાવી

૧. તકરાર, બોલાચારી (૪)
૪. દાટવું તે, દફનાવવું (૩)
૬. સોનાની શુદ્ધતાનું માપ(૨)
૭. ગલી, શેરી (૪)
૮. દૂધી, નેઇ (૨)
૯. શત્રુ સામે આક્રમણ, વાહન (૨)
૧૧. ચલમ, હુક્કો (૨)
૧૩. દુઃખ, દર્દ (૨)
૧૫. એક પ્રસિદ્ધ ભક્ત કવિ અને જ્ઞાનિ સંત (૩)
૧૬. સમજશક્તિ, નાનું ડગલું(૩)
૧૮. સૂર્ય, ભાસ્કર (૪)
૨૧. પારકુ (૩)
૨૨. યશ, કિર્તી (૨)
૨૩. સગાઇ, સંબંધ (૪)
૨૪. આલિંગન, ભેટવું તે, ... ભરવી (૨)

### ઊભી ચાવી

૧. કેસ, મુકદમો (૩)
૨. કમ્મરથી રહી જવું તે (૪)
૩. આકાશને આંબે તેવી (૫)
૪. કૃપા, અનુકંપા (૨)
૫. શિકાયત (૪)
૧૦. 'પાનખર' શબ્દ આડોઅવળો થઇ ગયો છે (૪)
૧૨. ભીડ, સમુહ (૩)
૧૪. કડકાઇ, હાઉ (૩)
૧૫. અત્યારે, હળાહળ.... ચાલી રહ્યો છે (યુગ) (૪)
૧૭. મિલ્કત, વારસો (૩)
૧૯. કંટાળેલું, હારેલું (૨)
૨૦. કલા, હુન્નર (૩)

### શબ્દાવલી ૫૭૮૬ના જવાબ

**આડી ચાવી :-** (૧) બગડવું (૩) આરઝુ (૫) ગોરા (૬) ભાસ (૯) ધરાર (૧૧) ગીચોગીચ (૧૩) નાખ (૧૪) ટટાર (૧૫) સીતા (૧૮) રપત (૧૯) યાળ (૨૦) લક (૨૩) ખડક (૨૪) ફુલવાડી

**ઊભી ચાવી :-** (૧) બડભાગી (૨) ડફ (૩) આરાધના (૪) ઝુમર (૬) સચોટ (૮) કચરપટ્ટી (૧૦) રાખસીયા (૧૨) ગીટાર (૧૬) તાળફડી (૧૭) પાલખ (૨૧) ડક (૨૨) ખાલ

## ચૂંટણી પંચ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સાંભળ્યા બાદ રાજકીય પક્ષો સાથે પણ સીમાંકન અંગે અલગથી પરામર્શ કરવામાં આવશે.

મળતી વિગતો મુજબ પ્રથમ અરવલ્લી ત્યારબાદ સાબરકાંઠા અને છેલ્લે ગાંધીનગર જિલ્લાની રજુઆતો સાંભળવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે પંચનું આ ઉચ્ચસ્તરીય પ્રતિનિધિમંડળ હોવાથી જિલ્લામાં ચૂંટણીની ચાલી રહેલી તૈયારીઓને લઈ પણ પ્રાથમિક સમીક્ષા કરવામાં આવશે.

પંચે આ અગાઉ ભાવનગર, મહેસાણા ખાતે આવી બેઠકો કરી છે. આજે સવારે પંચની આ ટીમ અમદાવાદ કલેક્ટર કચેરી ખાતે અમદાવાદ મહાનગર ઉપરાંત જિલ્લાની નગરપાલિકાઓ તેમજ સુરેન્દ્રનગર જિલ્લાની નગરપાલિકાઓની વાંધા અરજીઓ સાંભળી રાજકીય પ્રશ્નો સાથે પરામર્શ કરી ગાંધીનગર આવશે.

પંચ દ્વારા નગરપાલિકાના સીમાંકન માટેના આખરી આદેશો પણ આ માસના અંતમાં જારી કરવાની કામગીરી હાથ ધરવામાં આવે તેવી શક્યતાના નિર્દેશો મળી રહ્યા છે.

ગાંધીનગર જિલ્લાની શહેરી વિસ્તારની સંસ્થાઓ માટે કલોલ-દહેગામ નગરપાલિકાના પ્રમુખો, રાજકીય પક્ષોના આગેવાનો તેમજ પ્રાંત અધિકારી અને મામલતદારને હાજર રહેવા માટેની સૂચનાઓ જારી કરવામાં આવી છે.

## કોલેરા પોઝીટીવ મળ્યો

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ મુદ્દે તાત્કાલિક તાલુકા વિકાસ અધિકારીશ્રીનું ધ્યાન દોરી પંચાયતને નોટીસ આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

બીજો કેસ જે સે. ૩૦માંથી મળ્યો છે તે મહિલા પણ ઝાડા-ઉલ્ટી થતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ હતી. મહિલાએ ગાંધીનગરને બદલે તેણીનીના પિયર દોલારાણા-વાસણાનું સરનામુ લખાવ્યુ હોવાથી તંત્રના અધિકારીઓ ત્યાં પહોંચ્યા હતા. જ્યાંથી ખબર પડી કે તે સે. ૩૦માં 'જ' ટાઈપના સરકારી ક્વાર્ટરમાં રહે છે.

આથી તંત્રએ શહેરના આરોગ્ય તંત્રનું ધ્યાન દોર્યુ હતુ અને તંત્રએ ત્યાં તાબડતોબ સર્વેલન્સ હાથ ધર્યુ હતુ પરંતુ કોઈ નવા કેસ જણાયા નથી.

ગાંધીનગર જિલ્લામાં કોલેરા પોઝીટીવના અત્યાર સુધીમાં ૯ કેસ નોંધાયા છે. જેમાં દહેગામ તાલુકામાં ૪ કેસ ગાંધીનગર તાલુકામાં ૨ તેમજ ગાંધીનગર શહેરમાં ૩ કેસ નોંધાયા છે.

જિલ્લામાં પાણીજન્ય રોગચાળાના કેસો દિન પ્રતિદિન વધી રહ્યા છે તેથી તંત્રની સમસ્યા પણ વધી છે. તંત્રએ પંચાયતના તમામ સરપંચોને પુનઃ એક વખત ક્લોરીનેશન સાથે પાણી પુરવઠાનો સપ્લાય કરવા તેમજ જો કોઈ લિકેજીસ હોય તો તાત્કાલિક શોધી તેને દુરસ્ત કરાવવા માટે જણાવવાનું અને નહિ તો તેમની સામે પંચાયતી ધારાની જોગવાઈઓ મુજબ કડક કાર્યવાહી કરવામાં આવશે તેવી ચેતવણી સાથેનો પત્ર પાઠવવાનો નિર્ણય કર્યો છે.

ચોમાસાની ઋતુ ધીમી ગતિએ આગળ વધી રહી છે તેથી તમામ આરોગ્ય અધિકારીઓને પણ પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા માટે તાકીદ કરવામાં આવી છે.

## અભિનયસમ્રાટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મુંજ, પાતળી પરમાર, નવરંગ ચુંદડી, વીર પસલી, કાદુ મકરાણી, ભવ ભવના ભેરૂ, પૈસા બોલે છે, હલામણ જેઠવો, વીર માંઝાવાળો અને સોન કંસારી... અઢળક યાદગાર ફિલ્મો કરનાર ઉપેન્દ્ર ત્રિવેદીએ તેમની અભિનય યાત્રાની શરૂઆત ૧૯૫૪માં 'કહ્યાગરા કંથ'થી આરંભી હતી. તેમણે અખંડ આનંદમાં શિક્ષક તરીકે અને આકાશવાણીમાં પણ નોકરી કરી હતી. ૧૯૭૧માં રજુ થયેલી જેસલ તોરલ ફિલ્મથી તેમણે લોકપ્રિયતામાં ગુજરાતને ઘેલુ કર્યુ હતુ. ગુજરાતી રંગમંચમાં તેમણે રિવોલ્વીંગ સ્ટેજનો કોન્સેપ્ટ પ્રસ્તુત કર્યો હતો અને ૧૯૮૯માં ભારત સરકારે તેમને પદ્મશ્રી એવોર્ડથી નવાજ્યા હતા.

સ્વભાવે બહારથી જાજરમાન જણાતા સ્વ. ઉપેન્દ્ર ત્રિવેદી અંદરજી ઋજુ હૃદય ધરાવતા હતા, તેમણે ૧૯૮૭ના દુષ્કાળમાં સપડાયેલા ગુજરાત માટે રૂ. ૨ કરોડ જેટલી માતબર રકમ દાનમાં આપી હતી. ૧૯૯૨માં રાજ્ય સરકારે તેમને ઓમકાર ઠાકુર એવોર્ડથી સન્માનિત કર્યા હતા. તેઓ ત્રણ વાર ભિલોડાથી ધારાસભ્ય તરીકે ચૂંટાઈને રાજકીય ક્ષેત્રે કાર્યરત રહ્યા હતા અને વિધાનસભાના ઉપાધ્યક્ષ તરીકેની સેવાઓ પણ આપી હતી.

સ્વ. ઉપેન્દ્ર ત્રિવેદીને ગાંધીનગર શહેર સાથે વિશેષ પ્રેમ રહ્યો હતો અને 'ગાંધીનગર સમાચાર' સાથે અનોખો નાતો બંધાયો હતો. નગરની ઘણી સંસ્થાઓ સાથે તેઓ સંકળાયેલા હતા અને કલ્ચરલ ફોરમને હંમેશા પ્રેમભરી હૂંફ આપી હતી. આજે તેમના અવસાન બાદની પ્રથમ જન્મજયંતિએ ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા આયોજિત પદ્મશ્રી સ્વ. ઉપેન્દ્ર ત્રિવેદી અભિનય સ્પર્ધાનો વિનર્સ શૉ યોજવાનો છે. જેમાં તેમના સુપુત્ર આશિષ ત્રિવેદી ઉપસ્થિત રહેનાર છે.

## કલાકારો આવશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમજ નવા ઉગતા કલાકારોને માર્ગદર્શન તેમજ તાલીમ આપવા નવતર આયોજન કરવામાં આવ્યુ છે. જેના ભાગરૂપે તા ૧૪ જુલાઈના રોજ રાત્રિના ટાઉનહોલ ખાતે રંગારંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ છે. આ દરમિયાન જાણીતા અભિનેતા મનોજ જોષી તેમજ સુપ્રસિધ્ધ ગાયક પાર્થિવ ગોહીલ હાજરી આપશે.

પાર્થિવ ગોહિલ પોતાના જાદુઈ અવાજ સાથે સ્કુલ ઓફ મ્યુઝિકનો પ્રારંભ કરશે. આ તબક્કે જાણીતા અભિનેતા (ચાણક્ય) મનોજ જોષી પણ અભિનય કલા અંગે શ્રોતાગણને રસપ્રદ વાતો કરશે. સ્કુલ ઓફ મ્યુઝિકની સાથે સ્કુલ ઓફ પર્સનાલિટીનો પણ પ્રારંભ કરવામાં આવશે. અભિનય સમ્રાટ ઉપેન્દ્ર ત્રિવેદીની વિશ્વ રંગમંચ પરથી એકઝિટ બાદ પ્રથમ જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે નગરની શાળા કોલેજોમાં એકપાત્રિય અભિનય સ્પર્ધા યોજવામાં આવી હતી. જેના અનુસંધાને આ એકપાત્રીય અભિનય સ્પર્ધાના વિજેતાઓને પણ નવાજવામાં આવશે. આ તબક્કે નાટય નિર્માતા આશિષ ઉપેન્દ્ર ત્રિવેદી વિશેષ હાજરી આપશે. જાણીતા કલાકારોની ઉપસ્થિતિમાં શ્રોતાઓ સમક્ષ રંગારંગ કાર્યક્રમ રજુ કરવામાં આવશે.

## સ્તર કથળ્યું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નીચુ આવ્યુ હોવાનુ ધ્યાને આવ્યુ છે. જેમાં ૨ સરકારી શાળાઓ ૬ સેલ્ફ ફાઈનાન્સ તેમજ ૧૬ ગ્રાન્ટેડ સ્કુલનુ પરિણામ ૩૦ ટકાથી નીચુ હોવાનું સ્પષ્ટ થયુ છે. આ ઉપરાંત ૩ શાળાઓનું પરિણામ સતત છેલ્લા ૩ વર્ષથી ૩૦ ટકાથી નીચુ આવતુ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. નબળા પરિણામ ધરાવતી શાળાઓને જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા નોટીસ આપવામાં આવી છે. જેમાં સતત નીચુ પરિણામ ધરાવતી શાળાઓમાં ઈજાફા અટકાવવા ઉપરાંત બદલી સહિતના પગલા પણ લેવામાં આવશે.

નબળા પરિણામની સ્થિતિમાંથી શાળાઓને ઉગારવા શાળાકક્ષાએથી વધારાના વર્ગો શરૂ કરવા પણ આયોજન કરવામાં આવે છે. સરકાર દ્વારા ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળાઓને નજીકની પ્રાથમિક શાળાઓને દત્તક લેવા પણ સુચના આપવામાં આવી છે. સ્પર્ધાત્ક શિક્ષણના યુગમાં સરકારી શાળાઓનું પરિણામ સુધરે તેવા પ્રયાસ કરવામાં આવી રહયા છે.

**જાહેર નિવિદા**

આ કચેરીના નમૂના મુજબના ફાઈલ કવર પ્રિન્ટીંગ, માલ મજુરી સાથે ૧૦૦૦ નંગ પુરા પાડવાના તમામ કરવેરા સહિત ભાવો તા. ૨૧/૭/૨૦૧૫ સુધીમાં સંસ્થાનો લેટર હેડમાં ફક્ત રજી. પો.એ.ડી./સ્પીડ પોસ્ટથી મોકલી આપવા જણાવવામાં આવે છે. ભાવો મોકલવા તેમજ વધુ વિગતો માટે નીચે જણાવેલ સરનામે સંપર્ક કરવા વિનંતી છે.

જનરલ મેનેજર (પ્રો)
ગુજરાત રાજ્ય મા.વિ.નિ.લિ., નિર્માણ ભવન ભોંયતળિયે,
સેક્ટર-૧૦-એ, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨-૫૨૯૧૨